પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 27-11-2026 **Evening: 7.10 TO 7.20**

Day : FRIDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

****

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એક જ દિવસમાં 16 વિભાગની કામગીરીની સમીક્ષા કરી.
2) નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આજથી ત્રણ દિવસ છોટાઉદેપુરના પ્રવાસે – આજે રાત્રે સ્થાનિકો સાથે સંવાદ કરશે.
3) રાજ્યનાં વિવિધ મંત્રીઓ 72 કલાકના વિધાનસભા કાર્યક્રમ અંતર્ગત આદિવાસી જિલ્લાઓના પ્રવાસે પહોંચ્યા.
4) આતંકી સંગઠન જૈશ–એ–મોહમ્મદ સાથે જોડાયેલા એક આરોપીની વડોદરા નજીકથી ધરપકડ - ગુજરાત એટીએસની કાર્યવાહી.
5) ભાવનગરનાં ખેલાડી માહી લાઠિયાની હોંગકોંગમાં યોજાનારી આંતર-રાષ્ટ્રીય વુડબૉલ સ્પર્ધા માટે પસંદગી.

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

CM MEETING

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના વિવિધ વિભાગોની બજેટ અંતર્ગત થયેલી કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા બેઠકોના ઉપક્રમના બીજા તબક્કામાં એક જ દિવસમાં 16 વિભાગની કામગીરીની સમીક્ષા કરી. સત્તાવાર યાદી મુજબ, સમગ્ર દિવસ દરમિયાન શ્રી પટેલે બપોર પહેલાં નાણાં, માર્ગ અને મકાન, શહેરી વિકાસ, કૃષિ અને સહકાર, ઉદ્યોગ, અન્ન-નાગરિક પુરવઠા, પંચાયત-ગ્રામ ગૃહ નિર્માણ, સામાજિક ન્યાય અને અધિકારીતા તથા આદિજાતિ વિભાગના વડાઓ સાથે શ્રેણીબદ્ધ બેઠકો યોજી. બપોર બાદ શ્રી પટેલે બંદરો, વન-પર્યાવરણ, વિજ્ઞાન અને ટેક્નોલોજી, મહિલા અને બાળ કલ્યાણ, મહેસૂલ, રમત-ગમત યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા આબોહવા પરિવર્તન વિભાગના વરિષ્ઠ સચિવ અને વિભાગના વડાઓ સાથે શ્રેણીબદ્ધ બેઠકો યોજી. તેમણે પ્રેઝન્ટેશનના માધ્યમથી વિભાગોની પ્રવર્તમાન કામગીરી, બજેટના યોજનાકીય લક્ષ્યાંકો સામે થયેલી પ્રગતિ અને સિદ્ધિઓની વિગતો મેળવી જરૂરી માર્ગદર્શન આપ્યું...

CM PATEL GAU SAMMAN PROG

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, રાજ્ય સરકાર ગૌસેવા અને પશુધનના સંવર્ધન માટે પ્રતિબદ્ધ છે. ગાંધીનગરમાં ગૌસન્માન આહ્વાન અભિયાન અંતર્ગત યોજાયેલા કાર્યક્રમને સંબોધતા શ્રી પટેલે ગૌમાતાના પૂજન સાથે યોગ્ય સંભાળ, પોષણ અને આરોગ્યનું રક્ષણ કરવા પર ભાર આપ્યો. તેમણે સૌને ગૌ આધારિત ખેતીને પ્રોત્સાહન આપવા પણ અપીલ કરી.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

(ગૌસેવા, પ્રાકૃતિક ખેતી અને ગ્રામ્ય સ્વાવલંબન એકબીજાના પૂરક છે. એક તરફ ગૌમાતાનું સંવર્ધન થશે, બીજી તરફ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી માટે ઉપયોગી સાધનો મળશે અને ત્રીજી તરફ ગામડાની અર્થવ્યવસ્થા વધુ મજબૂત બનશે. આ જ આત્મનિર્ભર ગામડા અને આત્મનિર્ભર ગુજરાતની દિશા.)

DYCM CHT VISIT

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આજથી ત્રણ દિવસ છોટા ઉદેપુર જિલ્લાના પ્રવાસે પહોંચ્યા. ત્રણ દિવસ તેઓ કવાંટ અને જેતપુર પાવી તાલુકાના આદિવાસી વિસ્તારોની મુલાકાત લઈને સ્થાનિક લોકો સાથે સીધો જનસંવાદ, જનસુનાવણી, સંગઠનાત્મક બેઠકો તથા વહીવટી વિકાસકાર્યોની ઊંડાણપૂર્વક સમીક્ષા કરશે.

(VOICECAST: RAJESH RATHVA)

(.... ક્વાંટ તાલુકામાં ઘેરૈયા, ટીમલી અને રામઢોલ જેવા પારંપરિક આદિવાસી લોકનૃત્ય સાથે પરંપરાગત રીતે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનું સ્વાગત કરાયું. દરમિયાન શ્રી સંઘવીએ સૈડીવાસણ ચોકડી ખાતે ભગવાન બિરસા મુંડા અને નસવાડી ચોકડી સ્થિત ભારતરત્ન ડૉ. ભીમરાવ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ આપી. ત્યારબાદ શ્રી સંઘવીએ અતિથિ ગૃહ ખાતે પાવી જેતપુર વિધાનસભાના ભાજપના હોદ્દેદારો સાથે બેઠક યોજી સંગઠનની કામગીરી અંગે ચર્ચા કરી. આ બેઠકમાં સાંસદ જસુ રાઠવા, રાજ્યસભા સાંસદ મુકેશ રાઠવા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા. હવે તેઓ આજે રાત્રે સ્થાનિક આદિવાસી સમુદાયના લોકો સાથે ખાટલા બેઠક યોજી તેમના પ્રશ્નો સાંભળશે. તેમજ ભજન-ભોજનના કાર્યક્રમમાં સહભાગી થશે. રાજેશ રાઠવા, આકાશવાણી સમાચાર, છોટાઉદેપુર.)

MINISTER TRIBAL DISTRICTS VISIT

રાજ્યનાં વિવિધ મંત્રીઓ 72 કલાકના વિધાનસભા કાર્યક્રમ અંતર્ગત આદિવાસી જિલ્લાઓના પ્રવાસે પહોંચ્યા. ઉર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરિયાએ સાબરકાંઠામાં પોશીના તાલુકાના લાંબડીયા ખાતે ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ આપી. ઉપસ્થિત મહાનુભાવોએ ભગવાન બિરસા મુંડાના સંઘર્ષમય જીવન અને યોગદાનને યાદ કર્યા હતા.

જ્યારે નાણા મંત્રી કનુ દેસાઇ ડાંગમાં જિલ્લા પંચાયત ભવન ખાતે ધોરણ એકથી પાંચના નવનિયુક્ત વિદ્યાસહાયકોનો શાળા પસંદગી શિબિર અને નિમણુંક હુકમ વિતરણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા. ઉપરાંત તેમણે આહવા તાલુકાના ઘોઘલી ગામમાં આદિવાસી સમુદાયના પરિવારજનો સાથે સંવાદ કર્યો.

આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી પી. સી. બરંડા વલસાડના ત્રણ દિવસના પ્રવાસે ધરમપુર પહોંચ્યા. તેમણે ધરમપુર આસુરા ખાતે આવેલી ધરતીઆબા ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપી. ઉપરાંત શ્રી બરંડાએ ધરમપુર નગરપાલિકા સંચાલિત શ્રીમંત મહારાણા શ્રી નારણ દેવજી ઐતિહાસિક પુસ્તકાલયની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો.

ઉપરાંત શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાની અધ્યક્ષતામાં સુરત જિલ્લાના મહુવા ખાતે બેઠક યોજાઈ, જેમાં તેમણે મહુવા વિધાનસભા અંતર્ગત મહુવા, અંબિકા, વાલોડ અને બારડોલી વિસ્તારના માંડવી, અરેઠ, સોનગઢ, ઉકાઈ અને માંડવી નગરપાલિકાના વિકાસકાર્યોની સમીક્ષા કરી. સુશ્રી જાડેજાએ ઝડપી,પારદર્શક અને ગુણવત્તાયુક્ત રીતે પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા માર્ગદર્શન અને સૂચનાઓ આપી.

તો, મહેસૂલ રાજ્યમંત્રી સંજયસિંહ મહિડાએ જામણકુવા ગામમાં આદિવાસી પરિવારના ઘરે ભોજન લઈ તેમની સાથે સંવાદ કર્યો. આ ઉપરાંત શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમ છાંગાએ નર્મદામાં ગરૂડેશ્વર ખાતે રૂપિયા 509 કરોડના ખર્ચે 25 એકર વિસ્તારમાં નિર્માણાધીન રાષ્ટ્રીય કક્ષાના ટ્રાયબલ મ્યુઝિયમની મુલાકાત લીધી. આ મ્યુઝિયમમાં સ્વાતંત્ર્ય સંગ્રામમાં આદિવાસી સમાજના અમૂલ્ય યોગદાન અને 543 જનજાતીય નાયકોના શૌર્ય, બલિદાન અને સંઘર્ષની ગાથા વિશ્વ સમક્ષ રજૂ થશે.

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....

DESK

VGGS LUCKNOW ROAD SHOW

અન્ન, નાગરિક પૂરવઠા અને ગ્રાહક સુરક્ષા બાબતોના મંત્રી રમણ સોલંકીએ સેમિકન્ડક્ટર્સ અને સંરક્ષણથી લઈને ખાદ્ય પ્રસંસ્કરણ અને કાપડ સુધીના ક્ષેત્રોમાં ગુજરાત અને ઉત્તરપ્રદેશની પૂરક શક્તિઓ પર ભાર મૂક્યો. રાજ્ય સરકાર દ્વારા વાઇબ્રન્ટ ગુજરાત વૈશ્વિક સંમેલન 2027 નિમિત્તે લખનઉ ખાતે યોજાયેલા રોડ-શો કાર્યક્રમને સંબોધતા તેમણે ઉત્તરપ્રદેશના ઉદ્યોગોને રાજ્યની વિકાસગાથામાં ભાગીદાર બનવા આમંત્રણ આપ્યું.

(BYTE: RAMAN SOLANKI, FOOD & CIVIL

SUPPLIES MINISTER)

(आने वाले समय में गुजरात में आइए और गुजरात जिस तरह से जो आगे बढ़ रहा है और गुजरात का जो इंडस्ट्रियल में और हर क्षेत्र में जो अपना डेवलपमेंट हो रहा है, इसके बारे में आप सुनिए, आइए। अभी तो आप सारे देश में जो सभी राज्यों में भी अभी यह वाइब्रेंट समिट हो रही है।)

SRT DIGITAL CLASSROOMS

શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ સુરતમાં ડિજિટલ ક્લાસરૂમ્સ ઑન વ્હીલ પહેલ અંતર્ગત કાર્યરત્ ટોયોટા ઈ-કક્ષા બસની મુલાકાત લીધી. સરકારી શાળાઓના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત ડિજિટલ શિક્ષણ અને કમ્પ્યૂટર તાલીમ મળી રહે તે માટે આ હરતીફરતી એજ્યુકેશન બસ જિલ્લાના પાંચ ઘટકમાં ફરી ડિજિટલ વર્ગખંડ તરીકે કાર્ય કરે છે. સંપૂર્ણ વાતાનુકૂલિત મોબાઈલ કમ્પ્યૂટર બસમાં દરેક બેચમાં 20 વિદ્યાર્થીઓને તાલીમ અપાય છે.

ATS ARREST TERRORIST

ગુજરાત એટીએસ – આતંકવાદ વિરોધી દળે આતંકી સંગઠન જૈશ–એ–મોહમ્મદ સાથે જોડાયેલા એક આરોપીની વડોદરા નજીકથી ધરપકડ કરી. આરોપી પાસેથી એકે-47 જેવી રાયફલ, આતંકી સંગઠન જૈશ–એ–મોહમ્મદનો ધ્વજ, મોબાઈલ અને સિમકાર્ડ્સ તથા 20 હજાર રૂપિયા રોકડ કબજે કરાયા. આતંકી સંગઠન જૈશ–એ–મોહમ્મદ સાથે સંપર્કમાં રહેનાર મૂળ આસામના રહેવાસી આ વ્યક્તિએ વાયુસેના મથકની રેકી કરી હોવાનો વીડિયો તેના મોબાઈલમાંથી મળી આવ્યો હતો. આ વ્યક્તિ પાકિસ્તાન સ્થિત હેન્ડલર સાથે સંપર્કમાં હતો તેમ ગુજરાત એટીએસના ડીઆઈજી સુનિલ જોષીએ જણાવ્યું.

(BYTE: SUNIL JOSHI, DIG, GUJARAT ATS)

(કે આ એક જૈશે મોહમ્મદના મુફ્તી રફીક ઉર્ફે ઈબ્ન અબ્દુલ્લાહ નામક જે હેન્ડલર છે એની જોડે કોન્ટેક્ટમાં હતો. આ જે માણસ છે એનો જે નામ છે એ મોહમ્મદ સૈફુલ ઈસ્લામ કબીરુદ્દીન છે. ઘણા સમયથી એ હેન્ડલર જોડે કોન્ટેક્ટમાં છે. આ જાતે ટેરરિસ્ટ એટેક કરવાની વિચારધારા રાખતો હતો અને એના માટે એની જે ટાસ્કિંગ થઈ હતી એમાં વડોદરાના એરફોર્સ સ્ટેશનના ગેટ વગેરેના એના ફોટો મોકલવામાં આવેલ હતા, જેના ઉપર એના એટેક કરવાનો ઈન્સ્ટ્રક્શન્સ હતા.)

BVR PLAYER SELECTION

ભાવનગરનાં ખેલાડી માહી લાઠિયાની હોંગકોંગ ખાતે યોજાનારી આંતર-રાષ્ટ્રીય વુડબૉલ સ્પર્ધા માટે પસંદગી થઈ. અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે, ભાવનગરમાં MSWનાં વિદ્યાર્થિની અને ખેલાડી માહી લાઠિયાએ તાજેતરમાં પંજાબમાં યોજાયેલી 11-મી સિનિયર રાષ્ટ્રીય વુડબૉલ સ્પર્ધામાં ભાગ લીધો હતો, જેમાં વ્યક્તિગત સ્પર્ધામાં સમગ્ર દેશમાં તેમણે બીજું સ્થાન મેળવી રજત ચંદ્રક જીત્યો. આ ઉપરાંત ગુજરાતની ટીમ ઇવેન્ટમાં પણ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને માહી લાઠિયાએ સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો.

MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 29 નવેમ્બરે આકાશવાણી પર “મનકી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 140-મી કડી હશે. આકાશવાણી અને દૂરદર્શન તમામ નેટવર્ક, આકાશવાણી સમાચારની વેબસાઇટ અને ન્યુઝ ઓન AIR મોબાઈલ એપ પર કાર્યક્રમનું પ્રસારણ કરાશે. તેમજ આકાશવાણી સમાચાર, DD NEWS, પ્રધાનમંત્રી કાર્યાલય તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યૂ ટ્યૂબ ચેનલ પર પણ “મનકી બાત” કાર્યક્રમનું સીધું પ્રસારણ કરાશે. આકાશવાણી પર હિન્દી પ્રસારણ બાદ તરતજ આ કાર્યક્રમનું પ્રાદેશિક ભાષાઓમાં પ્રસારણ કરાશે.

BVR DRUGS SEIZED

નશામુક્ત ભારત, નશામુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત ભાવનગર પોલીસે બે અલગઅલગ સ્થળ પરથી 50 લાખ રૂપિયાની કિંમતનો કેફી પદાર્થ કબજે કરી બે આરોપીની ધરપકડ કરી. અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે, નૉ ડ્રગ્સ ઇન ભાવનગર, ડ્રગ્સ ફ્રી ભાવનગરના સૂત્ર સાથે બગદાણા પોલીસે કળમોદર ગામમાં વાવેતર કરાયેલા કેફી પદાર્થના અંદાજે 100 કિલોથી વધુના 161 જેટલા રોપા કબજે કર્યા. પોલીસે આ વર્ષમાં એનડીપીએસ કાયદા હેઠળ કુલ 35 કેસ નોંધ્યા છે.